# ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર - ૩૮૫ ૫૦૬



## પોલિટેકનિકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમો માટેની

# માહિતી પુસ્તિકા

## : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૫



કૃષિ | બાગાયત | કૃષિ ઈજનેરી | એગ્રો પ્રોસેસિંગ

ફૂડ ટેકનોલોજી એન્ડ ન્યુટ્રીશન | ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ

## વધુ માહિતી માટે વેબસાઇટ gsauca.in, poly.gsauca.in, aau.in, sdau.edu.in, nau.in and jau.in

## અગત્યની તારીખો (સમય સારણી)

**છેલ્લામાં છેલ્લી માહિતી માટે poly.gsauca.in / gsauca.in / aau.in / sdau.edu.in / nau.in / jau.in વેબસાઇટ પર જુઓ**

| Sr. No. | Activities | Date | |
|---|---|---|---|
| | | From | To |
| ૧. | વેબસાઇટ પર માહિતી પુસ્તિકાની ઉપલબ્ધતા | ૧૬-૦૫-૨૦૨૪ | ૧૩-૦૬-૨૦૨૪ |
| ૨. | અરજી ફોર્મ માટે ઓનલાઇન ફી તેમજ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી શકાશે. | ૧૬-૦૫-૨૦૨૪ | ૧૩-૦૬-૨૦૨૪ |
| ૩. | અરજી ફોર્મ વેરીફીકેશન-વિદ્યાર્થીના ફોર્મનું ઓનલાઇન વેરીફીકેશન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા વેરીફીકેશન થયા બાદ રજીસ્ટર્ડ મોબાઇલ ઉપર તેમજ ઇ-મેઈલ ઉપર મેસેજ પણ આવશે. | ૧૬-૦૫-૨૦૨૪ | ૧૫-૦૬-૨૦૨૪ |
| ૪. | ઓનલાઇન ફોર્મ યુનિવર્સિટી દ્વારા ચકાસણી થયા બાદ સંલગ્ન અભ્યાસક્રમોની કોલેજ પસંદગી કરવી. | ૧૬-૦૫-૨૦૨૪ | ૧૬-૦૬-૨૦૨૪ |
| ૫. | મોક રાઉન્ડનું પરીણામ અને કામચલાઉ મેરીટ યાદી | ૨૦-૦૬-૨૦૨૪ | |
| ૬. | પસંદગીની કોલેજમાં એડમીશન માટેનો અંતીમ ચોઇસ ફિલિંગ રાઉન્ડ | ૨૦-૦૬-૨૦૨૪ | ૨૧-૦૬-૨૦૨૪ |
| ૭. | પ્રથમ કોલેજ ફાળવણી યાદી | ૨૫-૦૬-૨૦૨૪ | |
| ૮. | બેંકમાં ફી ઓનલાઇન ભરવી અને જો ફાળવેલ કોલેજમાં એડમીશન સ્વીકાર્ય હોય અને બીજા રાઉન્ડમાં ભાગ ન લેવો હોય તો જે તે કોલેજ ખાતે ફરજીયાત હાજર થવાનું રહે છે. વધુમાં જે વિદ્યાર્થીને ફાળવેલ કોલેજ સિવાય પછીના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો તેને માત્ર ફી ભરવાની રહેશે. | ૨૫-૦૬-૨૦૨૪ | ૨૮-૦૬-૨૦૨૪ |
| ૯. | જે તે કોલેજ ખાતે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું. | ૨૫-૦૬-૨૦૨૪ | ૨૯-૦૬-૨૦૨૪ |
| ૧૦. | પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકોની વિગતો (કટ ઓફ માર્કસ સાથે)ની યાદી | ૦૧-૦૭-૨૦૨૪ | |
| ૧૧. | બીજો રાઉન્ડ કોલેજ ફાળવણી યાદી | ૦૫-૦૭-૨૦૨૪ | |
| ૧૨. | બેંકમાં ફી ઓનલાઇન ભરવી અને જો કોલેજમાં એડમીશન મળેલ હોય તો જે તે કોલેજ ખાતે ફરજીયાત અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહે છે. | ૦૫-૦૭-૨૦૨૪ | ૦૯-૦૭-૨૦૨૪ |
| ૧૩. | બીજા રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકોની વિગતો (કટ ઓફ માર્કસ સાથે) ની યાદી | ૧૦-૦૭-૨૦૨૪ | |
| ૧૪. | શૈક્ષણિક સત્રની શરૂઆત | ૦૧-૦૮-૨૦૨૪ | |

**Note :**

- પોલીટેકનીક કક્ષાના ડીપ્લોમા અભ્યાસક્રમોની વેબસાઇટ **poly.gsauca.in** ઉપર **₹ ૨૦૦/-** અરજીફોર્મ ફી UPI(QR Code) / ક્રેડીટ કાર્ડ / ડેબીટ કાર્ડ / નેટ બેંકીંગ દ્વારા સફળતા પૂર્વક ભર્યા બાદ અરજીફોર્મ ભરી શકાશે.
- પોલીટેકનીક કક્ષાના ડીપ્લોમા અભ્યાસક્રમનું અરજી ફોર્મ વેરીફાઈ થયા બાદ વિધ્યાર્થીએ કોલેજ ચોઈસ કરી લોક કરવી ફરજિયાત છે અન્યથા અંતીમ ચોઇસ ફિલિંગના દિવસે ઓટોમેટીક ચોઈસ લોક થઈ જશે.
- બીજા રાઉન્ડ બાદ જગ્યાઓ ખાલી રહેશે તો ત્રીજો રાઉન્ડ ઓફલાઈન કરવામાં આવશે. જેમા ભાગ લેવા માટે બીજા રાઉન્ડમા મળેલ જે તે કોલેજ ખાતે ફરજીયાત હાજર થવાનુ રહેશે, અન્યથા ઓફ્લાઇન રાઉન્ડનો લાભ મળી શક્શે નહી.

ઉપર દર્શાવેલ તારીખોમાં ફેરફારને અવકાશ હોઇ છેલ્લામાં છેલ્લી માહિતી માટે વેબસાઇટ **gsauca.in, poly.gsauca.in, aau.in, sdau.edu.in, nau.in and jau.in** ની મુલાકાત લેવી.

શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પ્રવેશ મેળવેલ કોલેજમાં ઉમેદવાર કોલેજના શરૂઆતના પંદર દિવસ ગેરહાજર રહેશે તો તેનો પ્રવેશ આપો આપ રદ ઠરશે. અને ખાલી થયેલ સીટ નિયોમોનુસાર ભરવામાં આવશે. જે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહીં.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| 1 | પોલીટેકનિકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમો | ૪ |
| 2 | સંપર્ક સૂત્રો | ૪ |
| 3 | પ્રવેશ ક્ષમતા / ઓનલાઇન રજીસ્ટ્રેશન અને ઓનલાઇન પ્રવેશ પસંદગીની પ્રક્રિયા | ૪ થી ૬ |
| 4 | પ્રવેશ લાયકાત | ૭ |
| 5 | અનામત બેઠકો | ૯ |
| 6 | મેરીટ લિસ્ટ | ૧૧ |
| 7 | પ્રવેશ | ૧૧ |
| 8 | સંલગ્ન પોલીટેકનિક ખાતે હાજર થવું | ૧૧ |
| 9 | ફીનું ધોરણ | ૧૩ |
| 10 | અભ્યાસક્રમ અને વિષયો | ૧૪ |
| 11 | એન્ટિ રેગીંગ | ૧૪ |
| 12 | વિદ્યાર્થીનીને હેરાનગતી બાબત | ૧૪ |
| 13 | પ્રવેશ પ્રક્રિયા | ૧૪ |
| 14 | ડિસ્ક્લેમર | ૧૪ |
| 15 | બેઠકોની સંખ્યા | ૧૫ |
| 16 | અરજી પત્રકની ફી ભરવા માટેની સૂચનાઓ | ૧૬ |

## 1. પોલીટેકનિકમાં ડિપ્લોમા અભ્યાસક્રમો:

| ક્રમ | અભ્યાસક્રમ | પોલીટેકનિક | યુનિવર્સિટી |
|---|---|---|---|
| 1 | કૃષિ ડિપ્લોમા | શેઠ મ. છ. કૃષિ પોલીટેકનિક, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 2 | | કૃષિ પોલીટેકનિક, પીજ-વસો રોડ, વસો, જિ. ખેડા | |
| 3 | | કૃષિ પોલીટેકનિક, ડીસા, જિ. બનાસકાંઠા | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |
| 4 | | વનબંધુ કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | |
| 5 | | વનબંધુ કૃષિ પોલીટેકનિક, અમીરગઢ, જિ. બનાસકાંઠા | |
| 6 | | કૃષિ પોલીટેકનિક, ધારી | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 7 | | કૃષિ પોલીટેકનિક, અમરેલી (ફક્ત બહેનો માટે) | |
| 8 | | કૃષિ પોલીટેકનિક, સીદસર (હાલ જૂનાગઢ) | |
| 9 | | કૃષિ પોલીટેકનિક, હળવદ | |
| 10 | | કૃષિ પોલીટેકનિક, મક્તમપુર, ભરૂચ | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| 11 | | કૃષિ પોલીટેકનિક, વ્યારા, જિ. તાપી | |
| 12 | | કૃષિ પોલીટેકનિક, વઘઈ, જિ. ડાંગ | |
| 13 | બાગાયત ડિપ્લોમા | શેઠ ડી. એમ. બાગાયત પોલીટેકનિક, મોડેલ ફાર્મ, વડોદરા | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 14 | | શેઠ બી. આર. બાગાયત પોલીટેકનિક, જગુદણ, જિ. મહેસાણા | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |
| 15 | | બાગાયત પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 16 | | બાગાયત પોલીટેકનિક, નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| 17 | | બાગાયત પોલીટેકનિક, પરીયા, જિ. વલસાડ | |
| 18 | કૃષિ ઇજનેરી ડિપ્લોમા | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, મુવાલીયા ફાર્મ, દાહોદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 19 | | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, ડેડીયાપાડા, જિ. નર્મદા | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| 20 | | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, તરઘડીયા, જિ. રાજકોટ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 21 | એગ્રો-પ્રોસેસીંગ ડિપ્લોમા | એગ્રો-પ્રોસેસિંગ પોલીટેકનિક, જૂનાગઢ | |
| 22 | ફૂડ ટેક્નોલોજી એન્ડ ન્યુટ્રીશન ડિપ્લોમા | ફૂડ સાયન્સ એન્ડ  હોમ ઇકોનોમિક્સ પોલીટેકનિક, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 23 | ન્યુટ્રીશન એન્ડ કૉમ્યુનિટી સાયન્સ ડિપ્લોમા | ન્યુટ્રીશન એન્ડ કૉમ્યુનિટી સાયન્સ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર (ફક્ત બહેનો માટે) | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |

## 2. સંપર્ક સૂત્રો:

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| 1 | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02748-278229 |
| 2 | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02637-283794 |
| 3 | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 0285-2672080-90 |
| 4 | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02692-264462 |

## 3. પ્રવેશ ક્ષમતા અને પ્રવેશ પ્રક્રિયા:

(1) કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા ખાતે કન્યાઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા નથી. જેથી પ્રવેશ મેળવનાર કન્યાઓએ રહેવા/જમવાની સગવડ પોતાની રીતે  કરવાની રહેશે.

(2) કૃષિ પોલીટેકનિક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી તથા  ન્યુટ્રીશન એન્ડ કૉમ્યુનિટી સાયન્સ પોલીટેકનીક, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે ફક્ત કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે.

(3) પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની એક બેઠક માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના  ઉમેદવારો માટે અનામત રહેશે.

(4) કૃષિ પોલીટેકનિક ખેડબ્રહ્મા અને અમીરગઢની કુલ બેઠકો પૈકી ૫૦% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(5) પ્રવેશ માટે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડમાં પાસ થયેલ વિદ્યાર્થીઓની બેઠકોની વહેંચણી "પ્રો- રેટા બેઈઝ પર અથવા મધ્યસ્થ સંકલન સમિતિ દ્વારા કરવામાં આવશે.

## (૧) ઓનલાઇન રજીસ્ટ્રશન પ્રક્રિયા

મુખ્ય વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત

↓

વેબસાઇટ poly.gsauca.in ઉપરથી ઓનલાઇન **UPI ( QR Code) / ડેબીટકાર્ડ / ક્રેડીટકાર્ડ અથવા નેટ બેંકીંગ દ્વારા ફોર્મ ભરી ચલણ મેળવવું વેબસાઇટ poly.gsauca.in ઉપરથી **Chalan Print** પરથી તેને ફરીથી રી-પ્રિન્ટ પણ કરી શકશો

↓

વેબસાઇટ poly.gsauca.in પરથી ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ **Application Form** પર ક્લીક કરી તુરંત ઓનલાઇન ફોર્મની બધીજ વિગતો ભરી બધાજ ડોક્યુમેન્ટસ અપલોડ કરી ફોર્મ સબમીટ કરવાનું રેહેશે.

↓

ફોર્મ અને અપલોડ કરેલા જરૂરી અસલ પ્રમાણપત્રોની ચકાસણી ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઓનલાઇન જ થશે.

↓

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ફોર્મ વેરીફાય થયા બાદ **Your application form is successfully verified** નો મેસેજ આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવું ફરજીયાત છે. જેઓએ ચોઇસ ફીલીંગ કરેલ નહી હોય તેઓના મેરીટ યાદીમાં સમાવેશ થશે નહીં.

↓

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ફોર્મ / અપલોડ કરેલ ડોક્યુમેન્ટસમાં ભુલ જણાશે તો અનવેરીફાય થશે અને **Your application form is unverified** નો મેસેજ આવશે ત્યારબાદ વિદ્યાર્થીઓ **Check application status** માં ક્વેરી (ભુલ) જોઇ શકાશે, ત્યારબાદ **Edit Application Form** માં જઇ જરૂરી સુધારો કરી ફરીથી ફોર્મ ઓનલાઇન સબમીટ કરવાનું રહેશે. બાદમાં તે ફરીથી વેરીફાય થશે અને **Your Application Form is successfully verified** નો મેસેજ આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવી ફરજીયાત છે. અન્યથા અંતીમ ચોઇસ ફિલિંગના દિવસે ઓટોમેટીક ચોઈસ લોક થઈ જશે.

## (૨) ઓનલાઈન કોલેજ પસંદગી (ચોઈસ ફિલીંગ ) અને પ્રવેશ કન્ફર્મ કરવાની પ્રક્રિયા

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ફોર્મ વેરિફાય થયા બાદ **Your application form is successfully verified** નો મેસેજ આવ્યા બાદ ઉપલબ્ધ કોલેજો પૈકી કોલેજ પસંદગી (ચોઈસ ફિલીંગ )કરવું ફરજિયાત છે. ઉમેદવારે પ્રવેશની ખાતરી કરવા માટે ઉપલબ્ધ મહત્તમ કોલેજની પસંદગીઓ કરવાની સલાહ આપવામાં આવે છે.

↓

સૌ- પ્રથમ મોક રાઉન્ડ જાહેર કરવામાં આવશે જેનું વિશ્લેષણ કરી જો જરૂર જણાય તો વિદ્યાર્થીઓ કોલેજોની પસંદગીમાં સુધારો વધારો કરી વાસ્તવિક તબક્કામાં **(Actual Round)**પ્રવેશ સુરક્ષિત કરી શકશે.

↓

યુનિવર્સિટી દ્વારા તબક્કાવાર ગુણવત્તા નંબર (મેરીટ) તથા બેઠકની પસંદગીના આધારે ઉમેદવારને પ્રવેશ ફાળવવામાં આવશે.

↓

જે ઉમેદવારે પ્રવેશ મળેલ હોય તેઓએ ઓનલાઇન **UPI (QR Code) /** ડેબિટ કાર્ડ/ ક્રેડિટ કાર્ડ / નેટ બેંકિંગ દ્વારા નિર્ધારિત ફી નિયત સમય ગાળામાં ભરવી ફરજિયાત છે.

↓

જે ઉમેદવારને તેઓની પસંદગીની પ્રથમ કોલેજમાં પ્રવેશ મળેલ હોય તેઓએ ઓનલાઇન ટોકન ફી ભર્યા પછી ફાળવેલ કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરવા માટે જે તે કોલેજ ખાતે હાજર થવું ફરજિયાત છે. અન્યથા તેઓના પ્રવેશ રદ ગણવામાં આવશે અને ભરેલી ફી પરત કરવામાં આવશે નહીં તથા મેરીટમાંથી તેનું નામ દુર થશે.

જો તેઓની પસંદગીની પ્રથમ કોલેજમાં પ્રવેશ મળતો ના હોય પણ અન્ય પસંદગીની કોલેજમાં પ્રવેશ મળતો હોય અને આગળના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો તેઓએ નિર્ધારિત ટોકન ફી ઓનલાઈન ભરવી ફરજિયાત છે. પરંતુ પ્રવેશ મેળવેલ કોલેજ ખાતે હાજર થવાનું નથી. જો વિદ્યાર્થી પ્રવેશ મેળવતો હોય તેમ છતા ટોકન ફી ભરેલ નહીં હોય તેઓનું નામ ત્યારબાદના રાઉન્ડમાંથી રદ થઈ જશે.

## 4. પ્રવેશ લાયકાત:

### 4.1. શૈક્ષણિક લાયકાત:

| | | | |
|---|---|---|---|
| (1) | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી ધોરણ-૧૦ (SSC) ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરેલી હોવી જોઇએ. | | |
| | (I) | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા | |
| | (II) | અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવાકે, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી, નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ, આતંરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ વગેરે. | |
| | | (i) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | (ii) | શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય અને ઉમેદવારના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોવા જોઇએ. |
| | | (iii) | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય. |
| (2) | ઉમેદવારે પરીક્ષા ઉપરોકત ક્રમાંક (1) મુજબ પાસ કરેલ હોય અને | | |
| | (I) | તેના મા-બાપ નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને | |
| | (II) | તેના મા-બાપની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ – લીસ્ટમાં કરવામાં આવશે. | |
| | નીચે દર્શાવેલ નોકરીની કેટેગરી પૈકી કોઈપણ એક | | |
| | | (a) | કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી |
| | | (b) | કેન્દ્ર સરકારના અને રાજય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી |
| | | (c) | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી |
| | | (d) | ગુજરાત રાજયમાં આવેલ UNO / UNICEF/ WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી / કર્મચારી |
| | | (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી / કર્મચારી કે જેઓ ગુજરાત રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે. |
| | | (f) | ગુજરાત રાજય સરકારના અધિકારી/ કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજય બહાર ફરજ બજાવે છે. |
| (3) | જે ઉમેદવારે | | |
| | (i) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ હોય અને | |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય. | |
| | (iii) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - ૧૦ની પરીક્ષા પાસ કરેલ હોય | |
| | નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | | |

### 4.2 પ્રવેશ માટે જરૂરી લાયકાત:

પોલીટેકનિકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે SSC (ધોરણ- ૧૦)ની પરીક્ષામાં (૧) ગુજરાતી/પ્રાદેશિક ભાષા (૨) ગણિત / બેઝીક ગણિત / સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન (૩) વિજ્ઞાન અને ટેક્નોલોજી (૪) સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને (૫) અંગ્રેજી વિષયોના ગુણના ઓછામાં-ઓછા ટેબલ-૨ માં દર્શાવ્યાં પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઈએ.

**ટેબલ - 1 પ્રવેશ માટે જરૂરી વિષય**

| ક્રમ | પોલીટેકનીક અભ્યાસક્રમો | વિષય |
|---|---|---|
| 1. | કૃષિ | ધોરણ-૧૦માં ગણિત/ બેઝીક ગણિત / સ્ટાન્ડર્ડ ગણિત, ગુજરાતી/પ્રાદેશિક ભાષા, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા, અંગ્રેજી |
| 2. | બાગાયત | |
| 3. | ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ | |
| 4. | કૃષિ ઇજનેરી | |
| 5. | ફુડ ટેકનોલોજી એન્ડ ન્યુટ્રીશન | |
| 6. | એગ્રો પ્રોસેસીંગ | |

**ટેબલ - 2 જરૂરી લઘુતમ લાયકાત :**

| ક્રમ | વિગત | પાંચ વિષયના ટકા** |
|---|---|---|
| 1. | અનુસુચિત જાતિના અરજદારો માટે | ૩૩% |
| 2. | અનુસુચિત જનજાતિના અરજદારો માટે | ૩૩% |
| 3. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત/આર્થિક રીતે નબળા વર્ગના અરજદારો માટે | ૪૦% |
| 4. | અન્ય ઉમેદવારો માટે | ૪૦% |

** ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત / બેઝીક ગણિત / સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી

**4.3. વધારાના ગુણ: (ભારાંક)**

(1) ખેડૂતના પુત્ર /પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રીને વધારાના ૫% ગુણ (ભારાંક-Weightage) કૃષિ, બાગાયત તથા ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ વિષયના પોલીટેકનિકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના પિતા / માતા / દાદા (પિતૃ પક્ષ) /દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ / બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭/૧૨નો અને ૮-અ નો જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૦૧-૦૪-૨૦૨૪ અથવા ત્યાર પછીનો દાખલો રજુ કરવાનો રહેશે. જો જમીનધારક અને ઉમેદવાર વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થતો ન હોય તો પેઢીનામુ અથવા તે બંન્ને વચ્ચે સબંધ દર્શાવતું પેઢીનામું તલાટી કમ મંત્રી / મામલતદાર દવારા જારી કરેલ પેઢીનામું/દાખલો રજુ કરવાનો રહેશે. **(જોડાણ ૧ માં દર્શાવ્યા મુજબ)**

વધુમાં માતા પુત્રનો અને માતા પુત્રિનો સંબંધ સ્થાપિત કરતું પેઢીનામું ગુજરાત સરકારના પ્રવર્તમાન પ્રફોર્મા મુજબ મામલતદાર / તલાટી કમ મંત્રી દવારા માન્ય કરાવેલ હોવું જોઇએ. **(જોડાણ ૧ માં દર્શાવ્યા મુજબ)**

(2) રમત - ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને નીચે મુજબ વધારાના માર્ક આપવામાં આવે છે:

| ક્રમ | સ્પર્ધા | (વધારાના ટકા) |
|---|---|---|
| (i) | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | ૭.૦ % |
| (ii) | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | ૧.૦ % |
| | (a) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૫.૦ % |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૩.૦ % |
| | (c) તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૨.૦ % |
| (iii) | રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | |
| | (a) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૧.૦ % |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૦.૫ % |

* ઉપરોક્ત ભારાંકનાં કોઇ એક ઉચ્ચસ્તરનો લાભ ઉમેદવારને તેના યુનિવર્સિટીનાં અભ્યાસકાળ દરમ્યાન ફકત એક જ વખત મળવાપાત્ર થશે.

**4.4. ગુણ સુધારણા:**

(i) જે ઉમેદવારના ગુણમાં રીચેકીંગ દરમ્યાન ફેરફાર થયો હોય તેમણે તે મતલબનો સબંધિત અધિકારીનો પત્ર અથવા માર્કશીટ તેમને મળ્યા બાદ ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં ઓનલાઇન સુધારો કરવાનો રહેશે.

(ii) જો કોઈ ઉમેદવાર SSC (ધોરણ-૧૦) ની પરીક્ષામાં નાપાસ જાહેર થયો હોય અને રી-ચેકીંગ દરમ્યાન પાસ જાહેર થાય તો તેણે તે બાબતનો બોર્ડના સક્ષમ અધિકારીનો પત્ર અથવા સુધારેલ માર્કશીટ પોતાને મળ્યા બાદ ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં સુધારો કરવાનો રહેશે.

(iii) જો ઉમેદવાર પૂરક પરીક્ષામાં ઉતિર્ણ જાહેર થાય તો તેઓ પોતાના ગુણ સુધારી શકશે અને સુધારેલ ગુણ બાદ તેનોનું મેરીટ યાદીમાં નામ ઉમેરવામાં આવશે અને જે તે સમયે ઉપલબ્ધ બેઠક ઉપર જે તે કેટેગરી મુજબ મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

**અગત્યની નોંધ : પૂરક પરીક્ષામાં ભાગ લેતા ઉમેદવારે પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થાય ત્યારથી જ ફોર્મ ભરવાનું રહેશે.**

**4.5. ઉમર:**

પોલીટેકનિકમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની તા. ૩૧ ડીસેમ્બરે ઓછામાં ઓછા ૧૫ વર્ષ પુરા કરેલા હોવા જોઈએ.

| કેટેગરી | અનામત બેઠકો (%) | નોંધ |
|---|---|---|
| અનુસુચિત જાતિ (SC) | ૭ | આ જાતિઓની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે |
| અનુસુચિત જનજાતિ (ST) | ૧૫ | |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને "ક્રિમીલેયરમાં સમાવિષ્ટ થતાં નથી" તેવા ઉમેદવારો (SEBC) | ૨૭ | ગુજરાત રાજ્ય દ્વારા માન્ય જાતિઓને લાગુ પડશે |
| દિવ્યાંગજન ઉમેદવારો (PWD) | ૫ | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે તે કેટેગરીમાં મેરીટ પ્રમાણે સરભર કરવાની રહેશે |
| EWS - આર્થિક રીતે નબળા વર્ગો | ૧૦ | વધારાની બેઠક |
| એક્સ આર્મીમેનના સંતાનો | ૧ | નિયમોનુસાર |
| પારસી જાતિના ઉમેદવારો | ૧ | વધારાની બેઠક |
| યુનિવર્સિટી દ્વારા આ નિયમોમાં દર્શાવેલ ટકાવારી કરતાં વધારાના ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે નહીં કે તેની લાયકાતમાં છૂટછાટ આપી શકાશે નહીં. | | |

**5.1** **જુદી જુદી કેટેગરી માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત નક્કી થયા મુજબનું રહેશે. હાલ પ્રવેશ માટે મૂળ ગુજરાત રાજ્યના નીચેની કેટેગરીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે તેની સામે દર્શાવેલ ટકાવારી મુજબ બેઠકો અનામત રહેશે.**

**5.2** **અનામત બેઠકો માટે સામાન્ય શરતો:**

(1) અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે જે-તે પછાતવર્ગનું / કેટેગરીનું સક્ષમ અધિકારીના સહી સિક્કા વાળું માન્ય પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(2) ઉમેદવારે અનામત બેઠક પર પ્રવેશ માટે જરૂરી જાતિ / કેટેગરી અંગેનું અસલ પ્રમાણપત્ર અપલોડ કરવાના રહેશે, પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે, તો તેવા ઉમેદવારને અનામત કેટેગરીમાં પ્રવેશ મળી શકશે નહીં અને જો પ્રવેશ મળી ગયો હશે, તો તે જે તે સમયે રદ કરવામાં આવશે.

(3) જો કોઈ અનામત કેટેગરીનો ઉમેદવાર તેના મેરીટના ધોરણે તેની પસંદગીની જગ્યાએ બિન-અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવી શકતો હોય, તો તેને બિન-અનામત કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ તેને બિન-અનામત કેટેગરીની તમામ લાયકાત પૂર્ણ કરવાની રહેશે.

(4) અનામત કેટેગરી અથવા અન્ય કોઇપણ પ્રકારનો લાભ મેળવતા ઉમેદવારને ઓછામાં ઓછી લાયકાતમાં એક કરતા વધારે પ્રકારની છૂટછાટ મળી શકશે નહીં.

(5) અનામત કેટેગરીના યોગ્યતા ધરાવતા તમામ ઉમેદવારોને જે-તે કેટેગરીમાં પ્રવેશ આપ્યા બાદ અનામત બેઠકો ખાલી રહે તો, પારસી/ (EWS) - આર્થિક રીતે નબળા વર્ગોની બેઠકો સિવાયની, ખાલી બેઠકો બિન-અનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે.

**5.3** **અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:**

(1) આ બન્ને જાતિના ગ્રુપ માટે કુલ ૨૨% બેઠકો અનામત રહેશે. જે પૈકીની ૭% બેઠકો અનુસુચિત જાતિના ઉમેદવારો માટે અને બાકીની ૧૫% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(2) આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠક કરતાં ઓછા ઉમેદવાર ઉપલબ્ધ હોયતો બીજી કેટેગરીની અનામત બેઠકમાં તબદીલ થશે. અર્થાત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. ત્યારબાદ જો કોઇ બેઠકો ખાલી રહેતી હોય તો તેને બિન-અનામત કેટેગરીમાં તબદીલ કરવાની રહેશે.

**5.4** **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત બેઠકો:**

(1) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે ૨૭% બેઠકો અનામત રહેશે.

(2) SEBCના ઉમેદવારે જાતિના પ્રમાણપત્ર ઉપરાંત સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ “નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર” રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર તા. ૦૧-૦૪-૨૦૨૨ કે ત્યાર પછીનું હોવું જોઈએ. અન્યથા તેઓને SEBCની બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં.

**5.5** **આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર (Economically Weaker Section)**

**ઉમેદવારને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગેના ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૬-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ગકવ-૧૬૨૦૧૯-૭૫૨-ક-૨ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે પરિશિષ્ઠ-ખ મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. વધુમાં ઉક્ત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતો વખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે.**

**5.6 દિવ્યાંગજન ઉમેદવારો માટે અનામત બેઠકો:**

* ગુજરાત રાજ્યના દિવ્યાંગજન ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રવેશપાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો... | |
| | a | કુલ શારીરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઇન સહિત) ૫૦% કરતા વધારે હોય |
| | b | પગની દિવ્યાંગતા ૫૦%કરતા વધારે હોય |
| | c | હાથની દિવ્યાંગતા હોય |
| | d | દ્રષ્ટિની દિવ્યાંગતા અને સાંભળવાની દિવ્યાંગતા હોય |
| | e | ક્રમશ: વધતા જતા માયોપેથીઝ જેવા રોગથી પીડીત ઉમેદવાર હોય |
| | f | જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગીક કાર્યો / ફીલ્ડ વર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય |
| ૨ | દિવ્યાંગજન ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (જોડાણ ૨ મુજબ) રજૂ કરવાનું રહેશે. જેનો નમૂનો પાછળ આપેલ છે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગજન માટેનો અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલીક અસરથી રદ થશે. | |

**5.7 એક્સ આર્મીમેનના સંતાનો માટે અનામત બેઠકો:**

એક્સ આર્મીમેનના સંતાનો માટે ૧% બેઠકો અનામત રાખવામાં આવે છે. પરંતુ પ્રર્વતમાન પ્રવેશ ક્ષમતાના આધારે હાલમાં એક્સ આર્મીમેનના સંતાનો માટે એક પણ સીટ ફાળવી શકાય તેમ નથી.

**5.8 પારસી જાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:**

(1) માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે એક વધારાની બેઠક અનામત રહેશે. જે અન્ય ઉમેદવારો માટે તબદિલીને પાત્ર નથી.

(2) આ અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે પારસી જાતિના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**6.0 મેરીટ લિસ્ટ:**

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | સમય મર્યાદામાં પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોનું મેરિટલિસ્ટ નીચેની લાયકાતને આધારે બનાવવામાં આવશે.<br>એસએસસી (ધોરણ-૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/ પ્રાદેશિક ભાષા, ગણિત / બેઝીક ગણિત / સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી , સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયમાં મેળવેલ ગુણ અને વધારાના મળવા પાત્ર ગુણ, જો લાગુ પડતા હોય તો | |
| | કૃષિ, બાગાયત અને ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમોમા પોલીટેકનિક ડિપ્લોમા કક્ષાએ પ્રવેશ માટેનું મુદ્દા નં. ૪.૩ (૧) માં જણાવ્યા મુજબ ખેડૂતના પુત્ર /પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રીને વધારાના ૫% ગુણ (ભારાંક-Weightage) સાથેનું મેરીટ લિસ્ટ | |
| | કૃષિ ઇજનેરી, એગ્રો પ્રોસેસિંગ, ફુડ ટેકનોલોજી એન્ડ ન્યુટ્રીશન (ગુજરાતી/ પ્રાદેશિક ભાષા, ગણિત / બેજીક ગણિત તથા સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી , સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષય) (વધારાના ભારાંક-Weightage) સિવાયનું મેરીટ લિસ્ટ | |
| ૨ | કેન્દ્રિય પ્રવેશ સમિતિ ડિપ્લોમા અભ્યાસક્રમો માટે નીચે મુજબના બે અલગ- અલગ મેરીટ લિસ્ટ તૈયાર કરશે. | |
| | I | ગુજરાત બોર્ડમાંથી એસએસસી પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઇઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. |
| | II | કેન્દ્રિય અને માન્ય અન્ય બોર્ડ જેવા કે સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશન, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી અથવા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોનું મેરીટ લિસ્ટ **બનાવવામાં આવશે.** |
| 3 | **Explanation:** | |
| | ઉપરોકત ક્રમાંક (I) અને (II) ના બોર્ડમાંથી પાસ થયેલ ઉમેદવારો માટેની બેઠકોની વહેંચણી "પ્રો-રેટા" બેઇઝ અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કેન્દ્રીય સંકલન સમિતિ નક્કી કરે તે પ્રમાણે કરવામાં આવશે. | |

| | | |
|---|---|---|
| ૪ | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ ગુણ એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના ગુણ /વય ની ક્રમશ: સરખામણી કરી બનાવવામાં આવશે : | |
| | I. | જે ઉમેદવારે SSCE માં વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | II. | જે ઉમેદવારે SSCE માં ગણિત / બેઝીક ગણિત / સ્ટાન્ડર્ડ ગણિત વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | III. | જે ઉમેદવારે SSCE માં અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | IV. | જે ઉમેદવારની વય વધારે હોય |

**7.0. પ્રવેશ:**

(1) પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારને તેમણે પોલીટેકનિકને આપેલ પસંદગી ક્રમાંક અને મેરીટ લિસ્ટના આધારે કોમ્પ્યુટર ધ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની ફાળવણી કરવામાં આવશે.

(2) જે ઉમેદવારને પ્રવેશ મળ્યો હોય તેણે નક્કી કરેલ સમય મર્યાદામાં તે પોલીટેકનિક ખાતે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટ વગેરે અસલમાં (તેની પ્રમાણિત નકલોના બે સેટ સહિત ) રૂબરૂ હાજર થઇ વેરીફીકેશન કરાવવાના રહેશે.

(3) વેરીફીકેશન દરમ્યાન જે ઉમેદવારના દસ્તાવેજો સાચા માલુમ પડશે તેમણે રજીસ્ટ્રેશન કરાવી, યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે નોંધણી કરાવવાની રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જનાર ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ થશે અને તેની ખાલી પડેલ જ્ગ્યાએ અન્ય ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવશે.

**8.0 સંલગ્ન પોલીટેકનીક ખાતે હાજર થવું**

**પ્રવેશ માટે પસંદગી પામેલ ઉમેદવાર મધ્યસ્થ પ્રવેશ સમિતિ ધ્વારા જાહેર કરાયેલ તારીખો દરમ્યાન જે-તે પોલીટેકનિક ખાતે હાજર થયેથી યુનિવર્સિટીના વિદ્યાર્થી બનશે. જેના પગથિયા નીચે મુજબ છે.**

**8.1 ઓનલાઇન ડેબીટ કાર્ડ / ક્રેડીટ કાર્ડ / નેટ બેંકીંગ/ UPI (QR Code) દ્વારા ફી ભરવાની રહેશે.**

**8.2 દરેક ઉમેદવારે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો અપલોડ કરવાના રહેશે.**

(i) SSCE (ધોરણ ૧૦) ની માર્કશીટ.

(ii) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC).

(iii) જાતિનું પ્રમાણપત્ર (જો ઉમેદવાર અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત/ આર્થિક રીતે નબળા વર્ગના હોય તો).

(iv) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે માન્ય મુદતનું (તા: ૦૧-૦૪-૨૦૨૨ કે ત્યારપછીનું) નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જેમાં ચૂક થશે તો તેવા ઉમેદવારને SEBC અનામત બેઠકો પર પ્રવેશ મળી શકશે નહીં.

(v) જમીનની માલિકી દર્શાવતો ચાલુ વર્ષ (એટલે કે તા: ૦૧-૦૪-૨૦૨૪ કે ત્યાર પછીનો) ૭-૧૨ અને ૮-અનો દાખલો, જો લાગું પડતો હોય તો.

(vi) જો ૭-૧૨ અને ૮-અના દાખલા ઉપરથી ઉમેદવાર અને જમીનના માલિક જોડેનો સંબંધ સ્પષ્ટ ન થતો હોય તો, તે બે વચ્ચેનો સંબંધ દર્શાવતું પેઢીનામું તેમજ, ધોરણ-૧૦ની માર્કશીટમાં દર્શાવેલ અટક અને ૭/૧૨, ૮-અમાં દર્શાવેલ અટકમાં ફેરફાર હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(vii) દિવ, દમણ અને દાદરા નગર હવેલીના રહેવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(viii) દિવ્યાંગ જન અંગેનું સરકારી હોસ્પીટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(ix) પારસી જાતીના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(x) આંતરરાષ્ટ્રીય / રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાએ રમત-ગમતમાં ભાગ લીધેલ હોય અને / અથવા મેળવેલ ક્રમાંકનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(xi) સેનાના કર્મચારી/ નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(xii) ત્રણ પાસપોર્ટ સાઇઝ ના ફોટા.

(xiii) આર્થિક રીતે નબળા વર્ગો માટે પરિશિષ્ટ – ખ મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રેહશે.

નોંધ: * જો નોંધણી સમયે, ઉમેદવારે કોઈ ખોટી મહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે.

* પોલીટેકનિક ખાતે અંતિમ ચકાસણી સમયે જે ઉમેદવારોના પ્રમાણપત્રો સાચા જણાશે, તેમનો પ્રવેશ જે તે યુનિવર્સિટીમાં માન્ય ગણાશે.

**8.3 જે-તે પોલીટેકનિક ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમમાં હાજર રહેવું.**

**8.4 જે-તે પોલીટેકનિક ખાતે અભ્યાસક્રમનું રજીસ્ટ્રેશન કરાવવું.**

**8.5 જો ઉમેદવાર એડમીશન મેમોમાં દર્શાવેલ સમયમર્યાદામાં પોલીટેકનિક ખાતે હાજર થશે નહીં, તો તેનો પ્રવેશ આપો-આપ રદ થશે.**

**8.6 જો ઉમેદવાર અસાધારણ સંજોગો (આધાર રજૂ કરવાનાં રહેશે) ના કારણે સમયમર્યાદામાં પ્રમાણપત્રો ચકાસણી માટે ન આવી શકે તેમ હોય તો, તે અન્ય કોઇ વ્યકિત મારફતે અરજી (આધાર-પૂરાવા સહિત) આપી પ્રમાણપત્રો ચકાસણી કરાવડાવી અને ફી ઓનલાઇન**

ભરી પ્રોવીઝનલ પ્રવેશ મેળવી શકશે. પ્રોવીઝનલ પ્રવેશ મેળવનાર ઉમેદવારે કોર્ષ શરુ થયાના એક અઠવાડીયામાં બાકીની પ્રક્રિયા પુરી કરવાની રહેશે, અન્યથા તેઓનો પ્રવેશ આપો-આપ રદ થશે.

**8.7** પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. જે તેના દરેક એકેડેમિક રેકર્ડ માટે ઉપયોગમાં લેવાનો રહેશે.

**8.8** પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને ઓળખપત્ર આપવામાં આવશે. જે પોતાની પાસે રાખવાનું રહેશે અને જરૂર પડ્યે રજૂ કરવાનું રહેશે. જો ઓળખપત્ર ખોવાઈ જાય, તો જરૂરી ફી ભર્યેથી નવું ઓળખપત્ર મેળવી શકાશે.

**9.0** ફીનું ધોરણ:

| ક્રમ | ફી / ડીપોઝીટ | રકમ ₹ | |
|---|---|---|---|
| | | ભાઇઓ | બહેનો |
| **A.** | તમામ નવા વિધાર્થીઓએ પહેલા રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ | | |
| 1. | કોશન મની | 100 | 100 |
| 2. | હોસ્ટેલ ડીપોઝીટ | 100 | 100 |
| 3. | મેસ ડીપોઝીટ | *** | *** |
| 4. | ઈલેક્ટ્રિક ચાર્જ | 100 | 100 |
| 5. | ઓળખપત્ર ફી | 30 | 30 |
| 6. | થેલેસેમીયા ટેસ્ટ ફી | 150 | 150 |
| | **TOTAL A** | **480** | **480** |
| **B.** | દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી | | |
| 1. | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ | 020 | 020 |
| 2. | મેગેઝીન | 050 | 050 |
| 3. | સ્ટુડન્ટ એઈડ ફંડ | 020 | 020 |
| 4. | જનરલ એમીનિટી | 010 | 010 |
| | **TOTAL B** | **100** | **100** |
| **C.** | દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી | | |
| 1. | રજીસ્ટ્રેશન | 050 | 050 |
| 2. | શિક્ષણ | 200 | - |
| 3. | લાઈબ્રેરી | 050 | 050 |
| 4. | પરીક્ષા | 100 | 100 |
| 5. | જીમખાના | 050 | 050 |
| 6. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 050 | 050 |
| 7. | પ્રયોગશાળા | 030 | 030 |
| 8. | હોસ્ટેલ | 060 | - |
| 9. | માર્કશીટ, પ્રમાણપત્ર, ટ્રાન્સક્રીપ્ટ | 050 | 050 |
| | **TOTAL - C** | **640** | **380** |
| | **Total A+B+C=** | **1220** | **960** |
| **D.** | પ્રોવીઝનલ સર્ટીફીકેટ અને ગ્રેડ વેરીફીકેશન ફી | | |
| 1. | પ્રોવીઝનલ પ્રમાણપત્ર | 050 | 050 |
| 2. | ગ્રેડ વેરીફીકેશન | 200 | 200 |
| 3. | ડુપ્લીકેટ પ્રમાણપત્ર | 1000 | 1000 |
| 4. | પુન: નોંધણી | 1000 | 1000 |
| 5. | ડુપ્લીકેટ ગુણપત્રક | 500 | 500 |

**Note:**

1. ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.
2. ફી ભર્યા બાદ ફી પરત મેળવી શકાશે નહીં.
3. ***A (3) માં દર્શાવેલ ફી સ્થાનિક પરિસ્થિતિ મુજબ બદલાશે. જે પોલીટેકનીક ખાતે નક્કી કરીને લેવામાં આવશે.
4. ઉપરોકત પ્રવેશ ફી ઓનલાઇન ભરવાની રહેશે.

**10. અભ્યાસક્રમ અને વિષયો અંગે સામાન્ય માહિતી:**

1. શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.
2. જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે પોલીટેકનિકના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરુર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં કેટેગરી વાઇઝ ઓછમાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પુર્ણસમયના પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સેમેસ્ટર પધ્ધતિના આવા અભ્યાસક્રમ હેઠળ, છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

**11. એન્ટી રેગીંગ:**

યુનિવર્સીટીમાં યુનિવર્સિટીના તથા સરકારશ્રીના નિયમોનુસાર એન્ટી રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાર્થી રેગીંગ કરતો જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થી સામે એફ. આઇ. આર. (FIR) દાખલ કરી શકાશે. રેગીંગનો ભોગ બનનાર વિદ્યાર્થી એન્ટિ રેગીંગ કમિટિના ચેરમેન અથવા જે તે પોલિટેકનિકના આચાર્ય તથા ફેકલ્ટીના ડીનનો સંપર્ક કરી શકશે.

**12. વિદ્યાર્થિનીઓને હેરાનગતી બાબત:**

વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે દરેક યુનિવર્સિટીમાં એક સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇ પણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે, તો તેને યોગ્ય સજા કરવામાં આવશે.

**13. પ્રવેશ પ્રક્રિયા:**

૧. ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના દરેક પોલીટેકનીકમાં ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની સઘળી કામગીરી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હેઠળ હાથ ધરવામાં આવશે.

૨. પ્રવશે અંગેની સઘળી બાબતો વેબસાઇટ poly.gsauca.in ઉપર જોઇ શકાશે.

૩. ઘોરણ - ૧૦નું પરીણામ જાહેર થયા બાદ પ્રવેશ માટેની જાહેરાત માટે ઉપરોક્ત વેબસાઇટ ચકાસવાની રહેશે.

૪. પ્રવેશ અંગેની જાહેરાત ગુજરાત દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

૫. પોલીટેકનીક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વેબસાઇટ poly.gsauca.in ઉપરથી જરૂરી એપ્લીકેશન ફોર્મ ફી ભરી તુરતજ ચલણ નંબર નાખી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે. (ફોર્મ ફી ભરવા માટેની પ્રક્રિયા પેજ નં. ૧૫ ઉપર આપેલ છે.)

૬. **અરજી ફોર્મ વેરીફીકેશન યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન કરવામાં આવશે. કોઈપણ ઉમેદવારે ફોર્મ વેરીફિકેશન માટે રૂબરૂ આવવાનું રહેશે નહી. ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા વેરીફીકેશન મેસેજ આવ્યા બાદ ઉમેદવાર બેઠકોની ઓનલાઇન ચોઇસ ફીલીંગ કરવાની રહેશે. ઉમેદવારે પ્રવેશની ખાત્રી કરવા માટે ઉપલધ્ધ બેઠકો પૈકી મહત્તમ પસંદગીઓ કરવાની સલાહ આપવામાં આવે છે. ચોઇસ ફીલીંગ નહી કરનાર ઉમેદવાનું નામ મેરીટ યાદીમાં આવશે નહીં.**

૭. પ્રવેશ માટે વેબસાઇટ / જાહેરાતમાં જણાવ્યા મુજબ વિધાર્થીએ ચોઇસ કરેલ પોલીટેકનિક લીસ્ટ મુજબ પ્રથમ બે રાઉન્ડ ઓનલાઇન પ્રવેશની ફાળવણી કરવામાં આવશે, ત્યાર બાદ ખાલી રહેલ જગ્યાઓ ઉપર ખાલી જગ્યાઓ ભરવા માટે યુનિવર્સિટી વેબસાઇટ ઉપર અલાયદી જાણ કરવામાં આવશે.

**14. ડિસ્કલેમર:**

આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીઓની શિસ્તના નિયમો, પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઇપણ નિવેદન / માહિતી / વિનિયમો વગેરે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધીત સત્તા યુનિવર્સિટીની રહેશે. પ્રવર્તમાન વિનિયમો, તેને બદલવાથી કે અન્ય કોઇપણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યકિતને કોઇ ખર્ચ થાય કે કંઇપણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં.

**15. વર્ષ ૨૦૨૪-૨૫માં દરેક પોલીટેકનીકમાં કેટેગરી વાઇઝ બેઠકોની સંખ્યા (સીટ મેટ્રીક્ષ) :**

| ક્રમ | પોલીટેકનીક | વિધાશાખા | કુલ Intake | અધર બોર્ડ | અધર બોર્ડ બાદની Intake | EWS | જનરલ | અનુસુચિત જાતિ ૭% | અનુસુચિત જનજાતિ ૧૫ % | શા.શૈ.પ.વ. ૨૭% | PWD ૫% | પારસી (વધારાની જગ્યા) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ** | | | | | | | | | | | | |
| ૧ | કૃષિ પોલીટેકનીક, આણંદ | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૨ | કૃષિ પોલીટેકનીક, વસો | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૩ | બાગાયત પોલીટેકનીક, વડોદરા | બાગાયત | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૪ | કૃષિ ઇજનેરી પોલીટેકનીક, દાહોદ | કૃષિ ઇજનેરી | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૫ | ફુડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીક્સ પોલીટેકનીક, આણંદ | ફૂડ સાયન્સ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ** | | | | | | | | | | | | |
| ૧ | કૃષિ પોલીટેકનીક, ધારી | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૨ | કૃષિ પોલીટેકનીક, સીદસર (હાલ જૂનાગઢ) | કૃષિ | ૩૦ | ૦૧ | ૨૯ | ૦૩ | ૧૬ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૧ | ૦૧ |
| ૩ | કૃષિ પોલીટેકનીક, હળવદ | કૃષિ | ૩૦ | ૦૧ | ૨૯ | ૦૩ | ૧૬ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૧ | ૦૧ |
| ૪ | કૃષિ પોલીટેકનીક, અમરેલી (ફક્ત બહેનો માટે) | કૃષિ | ૩૦ | ૦૧ | ૨૯ | ૦૩ | ૧૬ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૧ | ૦૧ |
| ૫ | બાગાયત પોલીટેકનીક, જૂનાગઢ | બાગાયત | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૬ | એગ્રો પ્રોસેસીંગ પોલીટેકનીક, જૂનાગઢ | એગ્રો પ્રોસેસીંગ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૭ | કૃષિ ઇજનેરી પોલીટેકનીક, તરઘડીયા | કૃષિ ઇજનેરી | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| **નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** | | | | | | | | | | | | |
| ૧ | કૃષિ પોલીટેકનીક, મકતમપુર, ભરૂચ | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૨ | કૃષિ પોલીટેકનીક, વઘઇ, જિ. ડાંગ | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૩ | કૃષિ પોલીટેકનીક, વ્યારા | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૪ | બાગાયત પોલીટેકનીક, નવસારી | બાગાયત | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૫ | બાગાયત પોલીટેકનીક, પરીયા | બાગાયત | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૬ | કૃષિ ઇજનેરી પોલીટેકનીક, ડેડીયાપાડા | કૃષિ ઇજનેરી | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |

| સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોલીટેકનીક | વિધાશાખા | કુલ Intake | અધર બોર્ડ | અધર બોર્ડ બાદની Intake | EWS | જનરલ | અનુસુચિત જાતિ ૭% | અનુસુચિત જનજાતિ ૧૫ % | શા.શૈ.પ.વ. ૨૭% | PWD ૫% | પારસી (વધારાની જગ્યા) |
| ૧ | કૃષિ પોલીટેકનીક, ડીસા | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૨ | વનબંધુ કૃષિ પોલીટેકનીક, અમીરગઢ | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૧૩ | ૦૧ | ૧૯ | ૦૫ | ૦૧ | ૦૧ |
| ૩ | વનબંધુ કૃષિ પોલીટેકનીક, ખેડબ્રહ્મા | કૃષિ | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૧૩ | ૦૧ | ૧૯ | ૦૫ | ૦૨ | ૦૧ |
| ૪ | બાગાયત પોલીટેકનીક, જગુદન | બાગાયત | ૪૦ | ૦૨ | ૩૮ | ૦૪ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૨ | ૦૧ |
| ૫ | ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર (ફક્ત બહેનો માટે) | ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી | ૩૫ | ૦૨ | ૩૩ | ૦૩ | ૧૯ | ૦૨ | ૦૪ | ૦૮ | ૦૨ | ૦૧ |

- કૃષિ પોલીટેકનીક, અમીરગઢ અને કૃષિ પોલીટેકનીક, ખેડબ્રહ્મા ખાતે ૫૦% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત છે.
- ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર અને કૃષિ પોલીટેકનીક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ખાતે ફક્ત કન્યાઓને જ પ્રવેશ આપવામાં આવે છે.
- કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા ખાતે કન્યાઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા નથી. જેથી પ્રવેશ મેળવનાર કન્યાઓએ રહેવા/જમવાની સગવડ પોતાની રીતે  કરવાની રહેશે.
- Ex Armyની અનામત બેઠકો ૧% હોવાથી પ્રવર્તમાન ઈનટેક ઉપર એક પણ બેઠક સંખ્યા ઉપલબ્ધ રહેતી નથી.
- PWDમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પોતાની કેટેગરીમાં સમાવેશ કરવામાં આવશે.
- પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની એક બેઠક માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

## 16. અરજી પત્રકની ફી ભરવા માટેની સૂચનાઓ:

બ્રાઉઝરમાં poly.gsauca.in ટાઈપ કરો.

1. Payment of Fee બટન ઉપર ક્લિક કરો.
2. ત્યાર પછી ખુલતા પેજમાં નીચેની વિગત ખુબજ ચોકસાઈ પૂર્વક ભરવાની રહેશે
   a. Examination Board of Standard-X માં તમને લાગુ પડતું બોર્ડ પસંદ કરો.
   b. Std.-X (SSC) Passing year માં તમારી પરીક્ષા પાસ કરી હોય તે વર્ષ પસંદ કરો.
   c. Std.-X (SSC) Passing month માં પરીક્ષા પાસ કર્યાનો મહિનો લખવો.
   d. Std.-X (SSC) Seat No. માં બોક્ષ આપેલ ઉદાહરણ મુજબ તમારો પોતાનો સીટ નંબર લખો.
   e. હવે નીચેના બોક્ષમાં તમારી માહિતી ખુબજ ચોકસાઇથી ટાઇપ કરો.
   f. Applicant's Full Name (As per Mark-sheet of Std.: X) *
   g. Mobile No*
   h. Email id *
   i. Amount* (આ બોક્ષમાં કશું કરવાનું રહેતું નથી)
   j. Payment Mode * (ઓનલાઈન પસંદ કરવું)
3. ઉપર મુજબની માહિતી ભરી CONFIRM બટન કલીક કરો.
4. વિધાર્થીએ ઓનલાઈન પેમેન્ટ નેટ બેન્કિગ/ડેબીટ કાર્ડ/ ક્રેડીટ કાર્ડ/UPI (QR Code) દ્વારા ફી ની રકમ જમા થયા પછી તરતજ ફોર્મ ભરી શકશે. ફી ના ચલણની પ્રીન્ટ લેવી આવશ્યક છે.

## ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની વિવિધ પોલીટેકનિકોમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમોની માહિતી

**આ માહિતી પુસ્તિકામાં ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ જેવી કે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર; જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમોની માહિતી આપેલ છે. પોલીટેકનીકમાં પ્રવેશ, કોર્ષ તેમજ વિનિયમોની તમામ સત્તા યુનિવર્સિટીની અબાધિત રહેશે અને જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે.**

**પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે, જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહીં.**

### : પ્રવેશ માટે અગત્યની સૂચનાઓ :

- તમામ પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોના પ્રવેશ માટે માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે.
- પ્રવેશ ફોર્મ poly.gsauca.in વેબસાઇટ પર ઓનલાઇન ભરવાનું રહેશે.
- ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરતાં પહેલા ઉમેદવારોએ પ્રવેશ માટેની માહિતી પુસ્તિકા બરાબર વાંચવી.
- ફોર્મ ભરતી વખતે વિધાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો સ્કેન કરી અપલોડ કરવાનો રહેશે.
- ગમે ત્યારે યુનિવર્સિટીને ધ્યાને આવશે કે, ઉમેદવારના પ્રમાણપત્રો ખોટા છે અથવા ઉમેદવાર પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો નથી, તો તેનો પ્રવેશ રદ થશે અને ફી જપ્ત થશે.
- યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે પ્રવાસ ભથ્થુ કે અન્ય કોઇપણ પ્રકારનો ખર્ચ ચુકવવામાં આવશે નહી.
- પ્રવેશ પ્રક્રિયાને લગતી તમામ માહિતી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે. તમામ ઉમેદવારોએ નિયમિત વેબસાઇટની મુલાકાત લેવી આવશ્યક છે.
- પોલીટેકનીક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વેબસાઇટ **poly.gsauca.in** ઉપરથી જરૂરી એપ્લીકેશન ફોર્મ ફી ભરી તુરતજ ચલણ નંબર નાખી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે તથા જરુરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.
- અરજી ફોર્મ વેરીફીકેશન ઓનલાઇન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. તેમને યુનિવર્સિટી દ્વારા વેરીફીકેશનનો મેસેજ આવ્યા બાદ બેઠકોની ઓનલાઇન ચોઇસ ફીલીંગ કરવાનું રહેશે. ઉમેદવારે પ્રવેશની ખાતરી કરવા માટે ઉપલબ્ધ બેઠકોની મહત્તમ પસંદગીઓ કરવાની સલાહ આપવામાં આવે છે. અંતીમ ચોઇસ ફિલિંગના દિવસે ઓટોમેટીક ચોઈસ લોક થઈ જશે. ચોઇસ ફીલીંગ નહી કરનાર ઉમેદવાનું નામ મેરીટ યાદીમાં આવશે નહીં.
- પ્રવેશ માટે વેબસાઇટ / જાહેરાતમાં જણાવ્યા મુજબ વિધાર્થીએ ચોઇસ કરેલ પોલીટેકનિક લીસ્ટ મુજબ પ્રથમ બે રાઉન્ડ ઓનલાઇન પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. ત્યાર બાદ ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે યુનિવર્સિટી વેબસાઇટ ઉપર અલાયદી જાણ કરવામાં આવશે. જે વિધાર્થીને પ્રથમ રાઉન્ડમાં પસંદગીની પોલીટેકનિકમાં પ્રવેશ ન મળ્યો હોય અને આગળના રાઉન્ડમાં પસંદગીની પોલીટેકનિકમાં પ્રવેશ માટે ભાગ લેવાની ઇચ્છા હોય તો ઓનલાઇન ફી ભરવી ફરજીયાત છે. **ફી નહી ભરનાર વિધાર્થીનું નામ આગળ બહાર પડતી મેરીટ યાદી માંથી નીકળી જશે.**

## જોડાણ-૧

## દાખલો

આથી દાખલો લખી આપવામાં આવે છે કે શ્રી/કુ. ............................................................................ ના પિતા / માતા / દાદા / દાદી શ્રી / શ્રીમતિ .............................................................................. ગુજરાત રાજ્યના મોજે ગામ ...................................... તાલુકો ..................................................... જિલ્લો ................................. ખાતે ............................................. ખાતા નં. ....................................... મુજબ કુલ ..................................... હે / આર ખેતી લાયક જમીન ધરાવે છે.

ઉમેદવાર શ્રી / કુ. ........................................................................... નો ખાતેદાર સાથે પુત્ર / પુત્રી / પૌત્ર / પૌત્રી નો સબંધ છે આમ ઉમેદવાર ખેડૂત પુત્ર છે.

સક્ષમ અધિકારીશ્રીની સહી:

ગોળ સિક્કો

નામ:

હોદ્દો:

કચેરીના સિક્કા સહિત

નોંધ : ઉમેદવાર / વિદ્યાર્થીનું નામ ધોરણ-૧૦ની માર્કશીટ પ્રમાણે લખવું તથા ખાતેદારનું નામ ૭/૧૨ અને ૮/અ નમુનામાં હોય તે મુજબ લખવું.

જોડાણ-૨

# *Medical Certificate for Persons with disabilities Candidate*

FORM OF CERTIFICATE FOR PERSONS WITH DISABILITIES CANDIDATE FOR ADMISSION TO FIRST YEAR COURSES IN AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT STATE AFTER 10TH (S.S.C)

1. Full Name of Candidate
2. O.P. D Case No.
3. (a) Nature of disability

   (To be mentioned in the square on the right side)

   POLIO; CEREBAL PALSY,

   AMPUTATONS, PARAPLEGIA,

   CONGENITAL & AQUIRED DEFORMITY

   VISUAL IMPAIRED,

   OTHERS

   (b) Any disability in upper limbs ? Yes / No

   (c) Extent of disability:

   (To be mentioned in the box on the right side)

   BELOW 40% / 40% to 50% / 50% to 70% / ABOVE 70%

**Note:** A Candidate shall not be admitted to Graduate level courses of Agriculture Universities of Gujarat if he / she suffer from the following disabilities, namely:

(a) Disability of total body including disability of chestorspine more than 50%
(b) Disability of lower limb of more than 50%
(c) Disability of upper limb
(d) Visually handicapped candidates and those with hearing disability
(e) Candidates with progressive diseases like myopathies etc.
(f) Disabilities which otherwise would interfere in the in the performance of the duties in concerned course.

4. Despite the disability whether the candidate is fit to undergo Graduate level courses of Agricultural Universities of Gujarat Yes / No

   (Please state Yes or No in the square on the right side.)

I certify that Shri/Kum ___________________________ has been examined by me Dr. ____________________ Designation : ________________on Dt. / /202 , and has been found physically handicapped and in my opinion, he/she is in a position to undertake Graduate level courses of Agriculture Universities of Gujarat.

Outward No.:
Date:

Stamp

Signature of Competent Authority of
Govt. Hospital (District or State level)

Countersigned by Medical Superintendent /
Civil Surgeon of Govt. Hospital (District or State level)

## પરિશિષ્ટ - ખ

**(EWS)**

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો**

(Appendix to Resolution of Social Justice and Empowerment Department Dt.25/1/2019
No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No : ..............

सत्यमेव जयते

Photo

## Government of Gujarat

### Eligibility Certificate For Economically Weaker Sections

**(Only for the purpose of EWS reservation under Gujarat state)**

This is to certify that Shri/ Smt/ Kumari .......................................... is the Son /daughter/ward of ......... .................... ..............................

He/She is the Resident of Village /City ...............................................

Taluka/Tehsil................................. District. .................................... and he/she belongs to ............caste/class/Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes/ Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No. EWS/122019/45903/A, Dt.23.01.2019 his/her gross family annual income from all sources is Rs.........., which is less than Rs.8,00,000/- therefore it is further certified that he/she is within category of Economically Weaker Sections.

Place:-

Date :-

Signature :-

Name :-

Designation :-

**This Certificate has been issued on the basis of following proof / evidences/ documents.**

1.

2.

3.

Anand Agricultural University

Anand - 388 110

www.aau.in

Junagadh Agricultural University

Junagadh - 362 001

www.jau.in

Navsari Agricultural University

Navsari - 396 450

www.nau.in

Sardarkrushinagar Dantiwada Agricultural University

Sardarkrushinagar - 385 506

www.sdau.edu.in

આ માહિતી પુસ્તિકા વેબસાઈટ poly.gsauca ઉપરથી ડાઉનલોડ કરી શકાશે